MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ સાપ્તાહિક...........**

# એમસીએક્સ પર સોના-ચાંદીમાં રૂ.૮૦,૦૧૮ કરોડનાં સાપ્તાહિક કામકાજ સાથે વાયદાના ભાવોમાં નરમાઈનો માહોલ

## ચણામાં ત્રણગણા, રિફાઈન્ડ સોયાતેલમાં બેગણા અને સીપીઓ, બટેટા તથા જવમાં દોઢગણાથી વધુ વેપાર

એમસીએક્સ ખાતે સમીક્ષા હેઠળના (૧૬થી ૨૨ જુલાઈ) સપ્તાહ દરમિયાન ૨૭,૧૩,૧૫૮ સોદામાં કુલ રૂ.૧,૭૬,૩૬૬.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જે આગલા સપ્તાહનાં રૂ.૧,૫૪,૭૦૧.૨૨ કરોડથી ૧૪ ટકા વધુ થયું હતું. કુલ ટર્નઓવરમાં સોના-ચાંદીના વેપારનો હિસ્સો રૂ.૮૦,૦૧૮.૭૮ કરોડનો હતો. બંને કિંમતી ધાતુઓ નરમ હતી, જ્યારે તમામ બિનલોહ ધાતુઓમાં સુધારો ભાવમાં રહ્યો હતો. બધી ધાતુઓમાં કામકાજમાં ગણનાપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી. એનર્જીમાં ક્રૂડ તેલમાં સેંકડા વધ્યા હતા. કૃષિ અને અન્ય ચીજોમાં બટેટા, મેન્થા તેલ, કપાસ, ગુવારસીડના વાયદાઓ ઘટવા સામે રિફાઈન્ડ સોયાતેલ, સીપીઓ, ચણા-દિલ્હી, એલચી, મકાઈ, બદામ અને જવના વાયદા એકંદરે વધ્યા હતા. ચણામાં ત્રણગણા, રિફાઈન્ડ સોયાતેલમાં બેગણા અને સીપીઓ, બટેટા તથા જવમાં દોઢગણાથી વધુ વેપાર થયા હતા. મકાઈમાં પણ ૨૨,૭૭૦ ટનનાં નોંધપાત્ર સારાં કામ થયાં હતાં. કોમડેક્સ ૬૦.૨૭ પોઈન્ટ વધ્યો હતો.

કિંમતી ધાતુઓમાં સોનાના (ગિની સહિતના) વાયદાઓમાં ૪,૪૬,૯૯૯ સોદામાં રૂ.૫૨,૨૩૧.૪૯ કરોડની કિંમતનાં ૨,૮૫,૩૬૯ કિલો અને ચાંદીના વાયદાઓમાં ૪,૬૨,૦૭૦ સોદામાં રૂ.૨૭,૭૮૭.૨૯ કરોડની કિંમતનાં ૯,૬૫૮.૮૬૫ ટનનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ સોનામાં ૨૭,૨૬૨ કિલો અને ચાંદીમાં ૬૧૨.૬૨૫ ટનનો હતો. સોનાના વાયદાઓ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪થી રૂ.૧૪૩ અને ગિનીના વાયદાઓ ૮ ગ્રામદીઠ રૂ.૩૯થી રૂ.૭૮ની રેન્જમાં નરમ હતા. સોનાનો ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮,૪૦૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૦૪ ઘટી બંધમાં રૂ.૧૮,૨૯૬ રહ્યો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૮,૪૨૧ અને નીચામાં રૂ.૧૮,૧૯૧ના મથાળે અથડાયો હતો. ગિનીના વાયદાઓમાં ૮ ગ્રામદીઠ જુલાઈ વાયદો રૂ.૧૪,૮૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૪,૮૨૯ અને નીચામાં રૂ.૧૪,૭૧૬ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૩૯ના ભાવઘટાડા સાથે રૂ.૧૪,૭૮૧ના સ્તરે બંધ થયો હતો. સોનાની માફક ચાંદીના વાયદાઓ પણ ઘટ્યા હતા. ભાવમાં ઘટાડાની રેન્જ રૂ.૧૩૯થી રૂ.૨૪૮ જેટલી હતી. ચાંદીનો સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૯,૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯,૨૦૦ અને નીચામાં રૂ.૨૮,૪૬૧ના મથાળે રહી સપ્તાહના અંતે રૂ.૧૪૮ ઘટી રૂ.૨૯,૦૨૨ બંધ રહ્યો હતો.

તમામ બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સુધારો હતો. તાંબાના વાયદા કિલોદીઠ રૂ.૧૫.૪૦થી રૂ.૧૫.૬૫, નિકલ રૂ.૩૮.૯૦થી રૂ.૪૧.૩૦, સીસાના વાયદા રૂ.૪.૫૦થી રૂ.૫.૯૦ અને જસતના વાયદા રૂ.૫થી રૂ.૫.૩૫ની રેન્જમાં વધ્યા હતા. બધી બિનલોહ ધાતુઓમાં કામકાજ વધ્યાં હતાં. તાંબામાં રૂ.૨૪,૯૬૩.૯૩ કરોડનાં ૭,૮૮,૫૫૨ ટન, નિકલમાં રૂ.૭,૬૯૧.૪૦ કરોડનાં ૮૪,૩૫૮.૫ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૨,૦૪૧.૧૬ કરોડનાં ૨,૧૭,૮૪૦ ટન, સીસામાં રૂ.૪,૨૬૭.૦૮ કરોડનાં ૪,૯૫,૭૧૦ ટન, સીસું-મિનીમાં રૂ.૫૩૩.૯૬ કરોડનાં ૬૧,૯૭૨ ટન, જસતમાં રૂ.૫,૯૬૦.૮૮ કરોડનાં ૬,૮૨,૩૮૦ ટન અને જસત-મિનીમાં રૂ.૮૬૧.૬૩ કરોડનાં ૯૮,૬૧૪ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં બેરલદીઠ રૂ.૫૪થી રૂ.૧૧૧ અને નેચરલ ગેસમાં એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસાથી રૂ.૧.૫૦ની વૃદ્ધિ ભાવમાં રહી હતી. ક્રૂડ તેલનો ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૩,૬૦૪ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૧૧ વધી રૂ.૩,૭૦૧ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં કામ વધ્યાં હતાં. ક્રૂડ તેલમાં રૂ.૪૧,૬૪૪.૦૯ કરોડનાં ૧૧,૪૫,૫૧,૦૦૦ બેરલ્સ અને નેચરલ ગેસમાં રૂ.૭,૦૩૭.૨૩ કરોડનાં ૩૨,૬૨,૮૨,૫૦૦ એમએમબીટીયૂના વેપાર થયા હતા. બ્રેન્ટ ક્રૂડમાં રૂ.૬૭.૯૯ કરોડનાં ૧,૮૯,૪૦૦ બેરલ્સ અને ગેસોલીનમાં રૂ.૧.૨૬ કરોડનાં ૧,૩૪,૪૦૦ યુએસ ગેલનના વેપાર થયા હતા.

કૃષિ અને અન્ય ચીજોમાં રિફાઈન્ડ સોયાતેલના વાયદાઓ ૧૦ કિલોદીઠ રૂ.૨૧.૨૫થી રૂ.૨૩.૧૫ અને સીપીઓના વાયદાઓ રૂ.૧૩.૫૦થી રૂ.૧૬.૯૦ની રેન્જમાં વધ્યા હતા. રિફાઈન્ડ સોયાતેલનો ઓગસ્ટ વાયદો રૂ.૨૧.૨૫ વધી રૂ.૪૮૩.૮૦ અને સીપીઓનો જુલાઈ વાયદો રૂ.૧૬.૯૦ વધી રૂ.૩૮૯.૮૦ બંધ રહ્યા હતા. ચણા-દિલ્હીના વાયદાઓમાં સેંકડા વધ્યા હતા. ભાવ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૦૯થી રૂ.૧૧૮ની રેન્જમાં વધ્યા હતા. ચણા-દિલ્હીનો ઓગસ્ટ વાયદો રૂ.૧૧૨ વધી રૂ.૨,૩૪૨ બંધ રહ્યો હતો. એલચીના વાયદાઓમાં કિલોદીઠ નવેમ્બર વાયદો રૂ.૧૬.૩૦ ઘટ્યો હતો, જ્યારે અન્ય વાયદાઓમાં રૂ.૭૬.૯૦થી રૂ.૧૨૬.૨૦નો સુધારો ભાવમાં રહ્યો હતો. બટેટા-આગ્રાના ત્રણેય વાયદાઓ ૧૦૦ કિલોદીઠ રૂ.૩૧.૮૦થી રૂ.૩૭.૬૦ નરમ હતા. ઓગસ્ટ વાયદો રૂ.૩૩.૩૦ ઘટી રૂ.૪૧૭ના ભાવ બંધમાં રહ્યા હતા. મેન્થા તેલમાં કિલોદીઠ રૂ.૬.૨૦થી રૂ.૧૦.૬૦નો ઘટાડો હતો. કપાસનો એપ્રિલ-૧૧ વાયદો રૂ.૩.૧૦ ઘટી રૂ.૬૧૬.૭૦ બંધ હતો. ગુવારસીડનો ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૩ ઘટી બંધમાં રૂ.૨,૪૪૭ રહ્યો હતો. મકાઈનો ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૪૬ અને બદામનો સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦.૭૫ વધી બંધમાં અનુક્રમે રૂ.૧,૧૧૫ અને રૂ.૩૨૫.૭૫ રહ્યા હતા. જવના વાયદાઓ ૧૦૦ કિલોદીઠ રૂ.૩૦થી રૂ.૩૬.૬૦ વધીને બંધ રહ્યા હતા. રિફાઈન્ડ સોયા તેલમાં રૂ.૧૨૩.૩૩ કરોડનાં ૨૬,૧૭૦ ટન, સીપીઓમાં રૂ.૨૬૩.૦૫ કરોડનાં ૬૯,૬૬૦ ટન, ચણા-દિલ્હીમાં રૂ.૯૫ કરોડનાં ૪૧,૮૩૦ ટન, એલચીમાં રૂ.૧૦૦.૫૩ કરોડનાં ૬૨૭ ટન, બટેટા-આગ્રામાં રૂ.૧૯૨.૦૪ કરોડનાં ૪,૫૧,૫૦૦ ટન, મેન્થા તેલમાં રૂ.૩૮૫.૮૭ કરોડનાં ૫,૫૦૨ ટન, કપાસમાં ૫૬ ટન, ગુવારસીડમાં રૂ.૬.૫૨ કરોડનાં ૨,૬૮૦ ટન, મકાઈમાં રૂ.૨૪.૮૧ કરોડનાં ૨૨,૭૭૦ ટન, બદામમાં રૂ.૧.૦૪ કરોડનાં ૩૨ ટન, ઘઉંમાં ૯૦ ટન અને જવમાં રૂ.૮૪.૬૦ કરોડનાં ૭૪,૨૫૦ ટનનાં કામકાજ થયાં હતાં.

કોમડેક્સ ૬૦.૨૭ પોઈન્ટ વધી ૨૭૪૫.૪૯ બંધ રહ્યો હતો. વિભાગીય આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૪૭.૫૨ પોઈન્ટ વધી ૩૩૧૫.૩૧, એનર્જી ઈન્ડેક્સ ૭૨.૧૯ પોઈન્ટ વધી ૨૬૮૩.૨૮ અને એગ્રી ઈન્ડેક્સ ૭૩.૯૫ પોઈન્ટ વધી ૨૨૭૯.૩૭ બંધ રહ્યા હતા.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી.